**અમદાવાદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪) ના મે. શ્રી બી. જે. પટેલ સાહેબની કોર્ટમા, અમદાવાદ.**

ફો. કેસ નં. ૧૮૯૩/૯૪

ક્રિ.પ્રો. કોડ ક. ૩૨૧ મુજબ પરત ખેંચવા સબંધે અરજી :–

આ કામે અમો એ.પી.પી.શ્રી,કોર્ટ નં.૪ની માનસાથ અરજ છે કે,

જીલ્લા મેજી. સાહેબશ્રીના તા.૯–૯–૨૧ ના પરીપત્ર તથા સરકારશ્રીના ડોરમેટ અંગેના પરીપત્રોને ધ્યાને લેતા તેમજ નામદાર જીલ્લા મેજી. સાહેબશ્રીએ તા.૧૨–૧૨–૧૯ નં. ડી.સી. /સીટીઝેડ/ મેટ્રો કોર્ટ/લોક અદાલત/ ડોરમેટ કેસ પરત/૨૦૧૯ મુજબ આદેશ કરેલ હોઈ આજ રોજ લોક અદાલતમા અમો આ કેસ પરત ખેંચીએ છીએ, જે આજ રોજ પુરસીસથી જાહેર કરીએ છીએ.

સબબ આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી સ્પે. સીટીગ રાખવામા આવેલ હોઈ જુના કેસોનો નિકાલ થાય તે સબંધે સરકારશ્રીના પરીપત્ર તથા અધિક કલેકટરશ્રીની મંજુરીને આધીન આ કેસ પરત ખેંચવા માંગતા હોઈ યોગ્ય હુકમ થવા અરજ છે.

તા. ૧૧–૯–૨૧

( જે. પી. મકવાણા )
એ.પી.પી. મેટ્રો. કોર્ટ નં.૪, અમદાવાદ.

ફો. કેસ નં. ૧૮૯૩/૯૪ ના કામે એ.પી.પી.શ્રીએ આપેલ અરજી /પુરસીસ નીચે હુકમ : –

અરજી વંચાણે લીધી. આજ રોજ રાષ્ટ્રીય કક્ષાની લોક અદાલત છે. આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુનાના આક્ષેપો છે તે ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લીધી. આ કામે હાલનો ફોજદાર કેસ છેલ્લા ઘણા વર્ષોથી ડોરમેટ ફાઈલમા પડતર રહેલ છે. જેમા આરોપી ઉપર વોરંટો કાઢવા છતા બજે કે વગર બજે પરત આવતા નથી. તેમજ જે પોલીસ સ્ટેશનથી ચાર્જશીટ આવેલ છે તે પોલીસ સ્ટેશનને પણ આરોપીનુ વોરંટ મોકલવા છતા કોઈ પણ રીતે આરોપીને હાજર રખાવેલ નથી.

આ તબકકે એ.પી.પી.શ્રીની અરજી સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા**Hon'ble Judges:C.K.Buch, J.** સાહેબશ્રી ધ્વારા State Of Gujarat Versus Rashmikant Ravishankar Raval ના કામે ઠરાવેલ છે કે, **Code of Criminal Procedure, 1973 - S. 321 - request made by the State to withdraw the application for leave to appeal against acquittal - letter addressed by Jt. Secretary to Public Prosecutor - subjective satisfaction of Public Prosecutor to withdraw the application - both letters produced before court - held, present request cannot be equated with an application under S. 321 of Cr.P.C. as respondent has been acquitted at the conclusion of appeal proceedings - application accepted.**

જેથી એ.પી.પી.શ્રી ધ્વારા આપવામા આવેલ અરજીની હકીકતો ધ્યાને લેતા તેમજ કેસનો પ્રકાર ધ્યાને લેતા આ કામે શ્રી સરકારને કેસ પરત ખેંચવા દેવાની પરવાનગી આપવામા આવે છે. આરોપીને ઉપરોકત ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામા આવે છે. મુદ્દામાલ દેશી/ વિદેશી દારૂ અપીલ સમય બાદ નાશ કરવો. રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી. વચગાળાના હુકમો કાયમી કરવા. બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો. કિંમતી મુદ્દામાલનો જાહેર હરાજી કરી તેની રકમ સરકાર દાખલ કરવી.

હુકમ આજ તારીખ ૧૧ સપ્ટે. ૨૧ ના રોજ લોક અદાલતમા મારી સહીથી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | **( બી. જે. પટેલ )** |
| | | **એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)**<br>**અ મ દા વા દ. કોડ નં. જી.જે. ૦૦૯૭૭** |